
## જન્મદિને વધામણી



પ્રકાશ જહા
ચીફ રિપોર્ટર
ગાંધીનગર સમાચાર
મો. ૯૦૯૯૯૫૧૫૭૧



ભાઈલાલ આર ઠક્કર
કારોબારી સભ્ય
જલારામ સેવા સમાજ



જે એસ પરીખ
સહમંત્રી
ગાંધીનગર વૈષ્ણ સમાજ



એચ એલ સુથાર
મો. ૯૭૨૪૫ ૧૦૭૪૨



વૈભવ સુરેશકુમાર મકવાણા
મો. ૯૬૩૮૩ ૯૭૮૨૨

# કુમકુમ કેરાં પગલે માડી ગરબે રમવા આવ....







નવરાત્રીની ઉજવણી જેમ ચોકે-ચોકે થાય છે તેમ સંસ્થાએ-સંસ્થાએ પણ કરવાનો આપણે ત્યાં જૂનો ચાલ છે. અને પહેલા નોરતે વરસાદ ભલે વરસ્યો હોય, નવરાત્રીની ઉજવણીના ઉત્સાહમાં ક્યાંય ઓટ નથી આવી. સૅક્ટર-૬ સરકારી પ્રાથમિક શાળા અને સિધ્ધાર્થ લૉ કૉલેજ, સૅક્ટર-૧૬ ખાતે પ્રથમ નોરતે જ ગરબાનાં આયોજનો થયાં હતાં, જેમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પ્રિન્સિપાલ પણ મન મૂકીને ગરબે ઘૂમ્યાં હતાં.

## ડાયરેક્ટ ❤ સે

ક્યારેક ખરાબ સમય...
કેટલાક સારા લોકોને મેળવવા માટે જ આવે છે...

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઍમ ઍસ ધોની
૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ઍમ ઍસ ધોની
૧૨.૧૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (અંગ્રેજી)
૩.૪૫, ૭.૪૫
સૅન્ટ્રલ ઈન્ટેલિજન્સ (હિન્દી)
૫.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
ડેઝ ઑફ તફરી
૧૨.૪૫
પિન્ક
૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ઍમ ઍસ ધોની
૧૦.૦૦, ૧.૩૦, ૫.૦૦, ૮.૩૦

# જીઆઈપીએસમાં સ્વચ્છતા અભિયાન

ગાંધીનગર, તા. ૨

આ વર્ષે ગાંધી જયંતિના આગમનની સાથે સફાઈનું કામ કરી સ્વચ્છતા અભિયાન દ્વારા ગાંધી જયંતિને ખૂબ જ કાળજીપૂર્વક ગાંધીજીના સ્વપ્ન પુરા કરવાનું સ્વચ્છ ભારત અભિયાન દેશમાં પ્રસરાવ્યું છે. સ્વચ્છ અને સર્વાંગી વિકાસની કલ્પનાની સાંકળ સાથે દેશવાસીઓ, સંસ્થાઓ, સરકારી કચેરી, શાળાઓ વગેરેને જોડી દીધા. સ્વચ્છતા ત્યાં પ્રભુતા કહેવતને સાર્થક કરવા ભારતભૂમિ માતાની સેવા કરવી તે સજાગતા આ વર્ષની ગાંધી જયંતિએ દરેક દેશવાસીઓને દિશા આપી તે અંતર્ગત જીઆઈપીએસ શાળાના બાળકોથી લઈ તમામ કર્મચારીઓએ વર્ગખંડમાં, કોરીડોરમાં, મેદાનમાં, શાળા ઓફિસમાં સફાઈ કરી દેશના સ્વચ્છતા અભિયાનને પરિપૂર્ણ કર્યુ. આમ તો દિવાળીના આગમન પહેલા, ઘર, શાળા, સંસ્થાઓમાં સફાઈ કરી દિવાલી વર્ગ સુશોભન કરી રજાઓ માણે છે. પરંતુ સ્વચ્છ જીઆઈપીએસ અભિયાન પરિપૂર્ણ કરી દરેકે આનંદ અને દેશભાવનાની લાગણીનો અનુભવ કર્યો હતો અને ટ્રસ્ટી આચાર્ય, શિક્ષકો તથા અન્ય બિનશૈક્ષણિક કર્મચારી ગણે પરસ્પર ગાંધી જયંતિ નિમિત્તે શુભેચ્છા અને શુભકામનાઓ પાઠવી હતી. દર માસે એક દિવસ સ્વચ્છતા અભિયાનનો અમલ કરવાના સૌએ શપથ લીધા હતા.




જનસેવા એ જ પ્રભુસેવાના સૂત્રને ચરિતાર્થ કરવા તાલુકાના મગોડી ગામે રાહેલબા વૃદ્ધાશ્રમ ખાતે ગાંધીનગર સ્થિત સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ગરમ ધાબળાનું વિતરણ અને મિષ્ટાન ભોજન પીરસી માનવતાની મહેંક પ્રસરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના વૃદ્ધોને જરૂરી સાબુ, તેલ અને કન્ઝ્યુમર્સ વસ્તુઓ, ધાર્મિક પુસ્તકો વગેરે આપી સેવાની જ્યોત પ્રસરાવવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ નિર્મલાબેન અને ઉપપ્રમુખ યશવંતસિંહ ઝાલાએ ઉપસ્થિત રહી મહિલાઓનું સ્વાગત કરી આભાર વ્યક્ત કર્યો હતો.

### ડિવાઈન પબ્લિકેશન્સ દ્વારા

# આજે અમદાવાદમાં સામ પિત્રોડાની આત્મકથા 'વિરાટ સ્વપ્ન'નું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨

ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ દ્વારા પ્રકાશિત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત સામ પિત્રોડા દ્વારા લિખિતિ આત્મકથા 'વિરાટ સ્વપ્ન' પુસ્તકનો લોકાર્પણ સમારોહ ૩ ઑક્ટોબરના રોજ અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. ડિવાઈન પબ્લિકેશન્સના અમૃત ચૌધરીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે શ્રી રા વિ પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે સોમવારે સાંજે ૫.૦૦ કલાકે પુસ્તક લોકાર્પણ સમારોહ





યોજવામાં આવશે. સમારોહના અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, મુખ્ય મહેમાન તરીકે રાજ્યના પૂર્વ સચિવ પી કે લહેરી, અતિથિવિશેષ તરીકે શ્રી ઍચ બી કાપડિયા ગ્રૂપ ઑફ સ્કૂલ્સના મુક્તક કાપડિયા, ગ્લોબલ ઑર્ગેનાઈઝેશન ઑફ પીપલ ઑફ ઈન્ડિયન ઓરીઝિનના પ્રમુખ સમીર પટેલ ઉપસ્થિત રહેશે.

સામ પિત્રોડા આ પ્રસંગે ઉપસ્થિત રહી પુસ્તક અંગે પોતાના પ્રતિભાવ તથા વક્તવ્ય આપશે. આભારદર્શન સુરેખાબેન ચૌધરી દ્વારા અને કાર્યક્રમ સંચાલન વૈશાલી ધોળકિયા દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે 'વિરાટ સ્વપ્ન' પુસ્તક પર વિશેષ વળતર પણ આપવામાં આવશે.

# સરઢવ ગામે સ્વચ્છતા રેલીને રાજ્યપાલે પ્રસ્થાન કરાવ્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામ ખાતે શનિવારે લોક સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી. સ્વચ્છતા રેલીને રાજયપાલ ઓ.પી.કોહલીના હસ્તે લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી. તેમજ રાજયપાલશ્રીના હસ્તે શૌચાલયના લાભાર્થીઓના ઘરે શૌચાલયનું ખાતમુર્હત અને ગામની રેવાબાઈ જનરલ હોસ્પિટલની મુલાકાત પણ કરી હતી. સ્વચ્છતા રેલીના કાર્યક્રમમાં રાજયપાલ ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપિતા





મહાત્મા ગાંધી કહેતા હતા કે, જયાં સુધી આપણે સંપૂર્ણ સ્વચ્છતાનો અભિગમ નહી કેળવીએ ત્યાં સુધી આપણી આઝાદી અધુરી છે. દેશની આઝાદીના આંદોલનમાં તેમણે દારૂબંધીને જેમ જોડી હતી, તેમ સ્વચ્છતાના વિષયને પણ જોડ્યો હતો. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ- ૨૦૧૪ની ગાંધી જયંતિના દિવસથી સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કર્યો છે. તેમણે વર્ષ- ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

સ્વચ્છતા ભારતનું અભિયાન આપણી આસપાસની ગંદકી જ દૂર કરવાથી પૂર્ણ થતું નથી, તેવું કહી રાજયપાલશ્રીએ કહ્યું હતું કે, સ્વચ્છતા અભિયાનમાં ગામનો કોઈ પણ વ્યક્તિને ખુલ્લામાં શૌચક્રિયા માટે ન જાય ત્યારે સાચા અર્થમાં સ્વચ્છ ભારત અભિયાન પૂર્ણ થશે.

# પોતાની સુવાસ સાથે લઈ જવા પ્રેરે એ મારું વતન

**સંવેદના**
**મારું વતન - વહાલું વતન**

મારા વતનને હું શું કહું? શબ્દો પણ ઓછા પડે એવું રૂડું, રૂપાળું, પોતીકું મારું વતન છે. એનું વહાલપ એની ધરતી પર પગ મૂકીએ તો હાશકારો અનુભવીએ એવું મારું વતન સૌરાષ્ટ્ર અને એમાંય રાજકોટ. આધ્યાત્મિકતા, સંસ્કારિતા એના હૃદયમાં ધબકે. ત્યાંના લોકોને તમે મળો એટલે કુટુંબીજનોને મળ્યા હોય એવો ભાવભર્યો આવકાર, મહેમાનગતિ અને લાગણીભર્યો ટહુકો, 'ક્યારે આઈવા? ઘેર હાલો, ચ્હા-પાણી પીએ ને પછી જમવાનો જલસોય રાખીએ.' ગમે ત્યારે જાણ કર્યા વગર પણ પહોંચી જાઓ તોય હૈયાનો એ જ મીઠો આવકારો મળે. મહેમાનગતિ તો અમારા મલકની જ. પાણીના પ્યાલાથી માંડીને જમવાનું ને મુખવાસ સુધીની સુવિધા આપે ને સાથે-સાથે આરામ કરવાનું નોતરું પણ આપે! ને એ બધાંમાં તમને ક્યારેય મોઢાં પર કડવો હાવભાવ કે ટીકા ન મળે. રાજી-રાજી થતાં 'હવે પાછા ક્યારે આવશો? એનું પાકું પણ કરી લે. અને આવ્યા છો તો તરત નહીં જવા દઈએ એવું ફરમાન પણ કરે.

સાંજે સૌ ભેગાં જમે, એકબીજાના સુખ-દુખની વાતો કરે. મુશ્કેલી હોય તો મદદ કરે અને સાંજા-માંદા થાય તો પાડોશી પણ એક કુટુંબીજન બની જાય. કોઈકના સંતાનની ખુશી પોતાની ખુશી અને કોઈનું દુખ પોતાનું કરે, કોઈએ પણ તેમને નાનીઅમથી મદદ કરી હોય તો એને માટે ગમે ત્યારે ગમે તે સમયે ખડે પગે હાજર રહેવું એ અમારા વતનના માણસોની ગળથૂથીમાં છે.

કુટુંબનાં ભૂલકાંનું જીવન વહાલપથી ઉછેરે અને સાથે શિખામણથી ઘડે એવા કુટુંબો સાથે રહેવાની શીખ તો મારા વતનમાંથી જ મળે.

સંત મહાત્માઓના જન્મ અને કર્મભૂમિથી શોભતું, મંદિરો-મસ્જિદો-ગુરુદ્વારા-દેવળ વગેરેને માન આપતું, બધા જ ધર્મના લોકો એકસાથે એકબીજાના તહેવારોમાં-આસ્થામાં રસ લે અને ભાઈચારાની ભાવના તો મારા વતનમાં જ મળે.

જે મારે વતન જાય તેને ત્યાંની સુવાસ જોડે લઈ જવા પ્રેરે આ મારું વહાલું વતન!

**- ઉર્વશી દિલીપ જાની**

શ્રીકૃષ્ણને પણ વસવાનું મન થાય તેવી દ્વારકાની ભૂમિ એ જ મારું વહાલું વતન.

દેવભૂમિ દ્વારકાની હું વતની. બસમાં બેઠા-બેઠા પવનચક્કીઓની વણઝાર દેખા, ખોડિયાર માનું મંદિર આવે અને દ્વારકાધીશનાં મંદિરની ધોળી ધજા ફરફરતી દેખાય અને વતનની સ્મૃતિઓનો સળવળાટ શરૂ.....

દ્વારકામાં એસીસી કૉલોનીનું ઘર 'ઓ-૯૬' નજર સામે આવે. બાળપણ ઝુલવા લાગે. માની છત્રછાયા તો માત્ર ત્રણ વર્ષની ઉંમરે જ છિનવાઈ ગઈ પણ પાડોશના માસીબા, પટેલકાકી, ધનલક્ષ્મીબેનની હૂંફે માનો પર્યાય પૂરો પાડ્યો. અને અમારી સૌથી મોટી બેન પ્રમિલાએ માત્ર ૧૩ વર્ષની વયે જ માની ગરજ સારી...!

જ્ઞાનભૂમિ દ્વારકા ઉત્સવભૂમિ પણ ખરી જ. મહાશિવરાત્રીએ દરિયા વચ્ચે આવેલા ભડકેશ્વર મહાદેવના પ્રાંગણમાં ભરાતો મેળો, ફાગણની હોળી, મોળાકત અને જયા પાર્વતીનાં વ્રત અને જાગરણ, દ્વારકાનો અષાઢી માહોલ પણ ભીંજાવા જેવો. શ્રાવણિયા સોમવારના મેળા સાથે રણેશ્વર, ગોલયા, ઈન્દ્રેશ્વરના મેળા તો બૉનસમાં. જન્માષ્ટમીની ઉજવણીમાં તો મારા વતનને તોલે કોઈ જ ન આવે. 'આપણા મલકમાં માયાળુ માનવી'નો અનુભવ ત્યાં થયા વિના ન રહે...

ગણેશોત્સવ અને નવરાત્રી તો દ્વારકાની એસીસી કૉલોનીની જ. સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર, જેમાં અમે પણ ભાગ લેતા. ફૅન્સી ડ્રેસ, સંગીત સ્પર્ધા, ફિલ્મોત્સવ વગેરે.

દિવાળીના દિવસો દરમ્યાન દરેક ઘરના આંગણે રાત્રે જાગીને કરાતી રંગોળી અને દીવડાના પ્રકાશથી આજે પણ મન પ્રકાશિત થઈ ઊઠે છે તો બેસતા વર્ષે 'સાલમુબારક' કરવા ઘેર-ઘેર જવાનું અને નાસ્તો ન આપે ત્યાં સુધી ન ખસવાનું તો જાણે વેન લીધેલું...

માદરે વતનનું એ ભાર વિનાનું ભણતર, નરી નિર્દોષતા, ટીટીટ્યો, ગિલ્લીદંડા, મારદડો, ફુલસિયો, થપ્પો, ખીલમીલદાણા, ગાયગોધો, લખોટી અને પાંચીકાના અવાજમાં જાણે બાળપણ જ ખોવાઈ જતું.

દ્વારકાનો દરિયો, ગોમતીની ગોદ, ગામની ગલીઓ, રૂપેણ અને રૂક્ષ્મણી મંદિરની સફર, સિદ્ધનાથ, ભદ્રકાલીનાં મંદિરો, સનસૅટ પૉઈન્ટ, ગીતામંદિર, કૉલોનીમાં સુરામુરીનો ટેકરો, લસરપટ્ટી, એસીસી ક્લબ અને ક્લબમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ... મન ક્યાં ક્યાં દોડે! દ્વારકાધિશના મંદિરના પરિસરમાં કરેલી દોડાદેડી અને મંદિરના પાછળના ભાગે છપ્પન પગથિયાંની ચડઉતર કરતાં થાકતાં જ નહીં.

જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ શ્રેષ્ઠ છે એ આ લખતાં અનુભવાય છે...!

**- કુસુમબેન જોષી**
**સેક્ટર-૨૦**

મારું વહાલું વતન એટલે વીરમગામ. વાયા વીરમગામ તરીકેની ઓળખ ધરાવતા આ ગામના ઈતિહાસ કરતાં મારા બાળપણનો ઉછેર અને સમય મને વધારે યાદ આવે છે. શ્રીમતી રેણુકાબેન-શ્રી ચંદુલાલ મોતીલાલ શુક્લ જેવા આદર્શ, પૂજનીય માતા-પિતાના ઘરે જન્મ લઈને વીરમગામના ઘરે ઉછરીને મોટો થયો. ગામની પોળોના દાયરા કૂદીને પતંગ ચગાવવા, સાંકડી શેરીઓમાં સાઈકલ હરિફાઈ, ખેલકૂદ આજે પણ આંખ સામે તરી આવે છે.

શેઠ એમ જે હાઈસ્કૂલમાં અભ્યાસ દરમ્યાન પિરીયડ છોડીને મહંમદના ડીસગોળાનો સ્વાદ માણતા, મુનસર તળાવના કાંઠે લાકડાની બનાવટના એ ચકડોળ, રમકડાંની જિદ ને પિતા સામે રિસામણાં.....

વતન વીરમગામની છાપ ગુજરાતમાં જે હોય તે પણ સત્ય એ છે કે રાજકીય, સૈન્ય, વિજ્ઞાન-ટૅકનોલૉજીમાં જે લોકો અગ્રેસર છે તેમાં વીરમગામના ધરતીપુત્રોનો સિંહફાળો રહેલો છે.

હરિયાળા ગાંધીનગરમાં હવે વસ્યો હોવા છતાં આજે પણ એસટી બસ વીરમગામમાં પ્રવેશ છે ત્યારે હૈયામાં એક અનોખી ઠંડકનો અહેસાસ થાય છે, એવું છે મારું વહાલું વતન.....!

**- કમલનયન ચંદુલાલ શુક્લ**

મારું વતન મણિયારી પરા, તાલુકો ચાણસ્મા, જિલ્લો મહેસાણા. ગામમાં વર્ષો પહેલાં મારા પિતાશ્રી પૂજારી તરીકે રહેવા આવેલા. અમે ત્રણ ભાઈઓ અને એક બેનનો જન્મ આ ગામે થયેલો. પૂજારીના વર્ષાસન તરીકે ખેતીની જમીન અને હળદીઠ અનાજ અમને બાંધી આપેલ હતું. અમે આ ગામે ઉછર્યા કહો કે આ ગામે જ અમને ઉછેર્યા, પોષ્યા. અમે ત્રણે ભાઈઓ ભણીને નોકરીએ વળગ્યા ત્યાં સુદીનો મોટાભાગનો ખર્ચો આ ગામના લોકોએ જ ઉઠાવ્યો હતો. મણિયારી પરામાં તમામ ઘર પટેલોનાં હતાં. પૂજારી તરીકે અમારું એક જ ઘર, પરંતુ તેમ છતાં બધાં જ ઘર તરફથી અમને જે સન્માન મળ્યું છે તે અદકેરું હતું. અમને ભણાવવા, નોકરીએ ચડાવવા ગામલોકો જોઈએ તેટલી સહાય અમારા પિતાશ્રીને પૂરી પાડતા. ને એ માટે મારા વતનના આ ઉદાર લોકોનો આભાર માનીએ તેટલો ઓછો છે.

વતનના લોકોની આ કૃપાથી અમે સરકારી નોકરી કરી અને આજે ગાંધીનગરમાં સ્થાયી થયા છીએ. વતનના લોકોની કૃપાદષ્ટિ ક્યારેય ભૂલાય તેમ નથી. એમના ઉપકારનો બદલો તો ચૂકવી શકાય એમ જ નથી છતાં મારાથી બનતા પ્રયત્નો કરું છું.

મારા વતનને મારા લાખ-લાખ વંદન!

**- એન એમ ગોસાઈ**
**સેક્ટર-૨ સી**

મારું વતન ભરૂચ જિલ્લાનું જંબુસર. જન્મ અહીં, બાળપણ અહીં, અભ્યાસ અહીં, ત્યારબાદ કૉલેજના શિક્ષણ માટે અમદાવાદ સ્થાયી થયો. માતા-પિતાની હયાતીમાં વર્ષમાં એક વખત અવશ્ય કુટુંબીજનોને લઈને વતનમાં જતો ને મારા બાળપણને યાદ કરતો.

આજે સિત્તેરની આયુ વટાવી ચૂક્યો હોવા છતાં વતનને ભૂલી શક્યો નથી ને વતનમાં જાઉં ત્યારે અત્યંત હર્ષની લાગણી અનુભવું છું.

વ્યક્તિ પોતાના જીવનની અંતિમ ક્ષણોએ પોતાના વતનને સ્મૃતિમાં જાળવી અંતિમ સલામ પાઠવતો હોય છે તેમ હું પણ પાઠવી શકું તે માટે ઈશ્વરને રોજ પ્રાર્થના કરું છું.

**- હર્ષદ ગાંધી**
**સેક્ટર-૨૨**

મારું વતન ગાંધીનગરથી ૧૦૦ કિમી દૂર, પાટડી સ્ટેટની બાજુમાં બામણવા ગામ, જે સુરેન્દ્રનગર જિલ્લાનું અને પાટડી તાલુકાનું નાનકડું ગામ છે. ગામમાં એક તલાવડી, મહાદેવનું મંદિર, શક્તિમાદાનું દેરું, રામજી મંદિર, સ્વામિનારાયણ મંદિર, ખાદીગ્રામ મંદિર પણ છે. ગામમાં પ્રાથમિક શાળા, પંચાયતની ઑફિસ, ચોરો, પોસ્ટ ઑફિસ જેવી સુવિધાઓ પણ છે. ગામની બહાર જ અમારી વાડી છે. વાડીમાં બોર (પાણીનો કૂવો) છે ને ગામમાં ડેલાબંધ મકાનો છે.

૧૯૬૨માં મારો જન્મ આ ધૂળિયા ગામમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ગામમાં જ લીધું, ત્યારે મારા દાદાએ આખા ગામમાં પતાસાં વહેંચીને ખુશી વહેંચી હતી.

વતન છૂટ્યા પછી પણ વતનની માયા મૂકાઈ નથી. હજુય વૅકેશનમાં પહેલી જે બસ આવે તેમાં બેસીને વતન ભણી દોટ મૂકવાની ઈચ્છા થઈ આવે છે.

ગામના પાદરે રમવાનું, મોઈ-દાંડિયા, ભમરડો, લખોટી, સાઈકલ, માલદડી જેવી રમતો... સવારે ખેતરમાં બોર ચાલુ કરી હોજમાં ન્હાવાની તો એવી મજા પડે જે આજના વૉટરપાર્કમાં ન આવે.

થોડા મોટા થયા એટલે વૅકેશનમાં કાલા ફોલવાનાં, પૂળા લાવવાનાં, બાવળ ઉપરથી દાતણ કાપવાનાં કામ શરૂ કર્યાં. બળદગાડામાં પણ સવારી કરીએ, હળ ચાલે ત્યારેય સવારી કરીએ. ઘંટીમાં અનાજ દળાય ત્યારે વાગતી મીઠી સિસોટી આજેય કાનમાં એવી જ અમર છે. ગાય, ભેંસ વગેરે પશુઓને તળાવે પાણી પીવા લઈ જવાના, કૂવા ઉપરથી પાણી લઈ આવવાનું... એવાં તો કેટલાંય કામો જેમાં આનંદ ભરપૂર આવતો.

ગામડાના માણસો પણ માયાળુ, ગામ જઈએ ત્યારે વહાલથી નવરાવી દે....

વતનના ઘઉંનો પોંક, લીલા ચણાનો ઓળો, ચાહટીયાના ડંકા, લીલા મગના દાણા, શાકભાજી, શિંગોડા, જીતેલીયાં, ઘીતેલીયાં, પીલું, રાયણો, ખાટાંમીઠાં બોર ને બાળપણની વાતો... શેં ભૂલાય?

મારું વતન એટલે ખરે જ વહાલું વતન!



**- ઉપેન્દ્ર પટેલ**
**સેક્ટર-૨૮**

**વતન**

નયનોમાં ડોકાય વતન
આંસુમાં ઉભરાય વતન
પ્યાસ કદી ના છીપશે એની
હૈયામાં લહેરાય વતન
રત્નાકર ઘૂઘવતો છોને
મોજાં બધા ફેલાય વતન
ચોરતફ પથરાય પવન
શ્વાસમાં ઘૂંટાય વતન
દુર-સુદૂર હોવા છતાંયે
પાસમાં વરતાય વતન
ક્યારેક આપણે જઈએ તો
જોઈને હરખાય વતન

**- ભગદેવ ભટ્ટ 'બિન્દાસ'**